# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

CCTV CONTROL ROOM

યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫

ફોન નં.(૦૨૮૧)૨૫૭૬૫૧૧ એક્સટે. નં. ૭૩૯ ફેક્સ નં.(૦૨૮૧)૨૫૭૬૩૪૭ ઈ-મેઈલ :cctvexamsur@sauuni.ac.in


## પરિપત્ર:

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં તમામ ભવનોનાં અધ્યક્ષશ્રીઓ તથા સંલગ્ન તમામ કોલેજો/સંસ્થાનાં આચાર્યશ્રીઓ/ટ્રસ્ટીઓને જણાવવામાં આવે છે કે, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા લેવામાં આવતી દરેક પરીક્ષાઓમાં તમામ પરીક્ષા કેન્દ્રો પર CCTV કેમેરા રાખવા ફરજીયાત છે. આ અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વખતો વખત પરિપત્ર કરી જાણ કરવામાં આવેલ છે. CCTV Cameraનું સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ખાતે લાઇવ મોનીટરીંગસુપેરે થઇ શકે તે માટે કોલેજોમાં જે વર્ગખંડોમાં પરીક્ષા લેવાતી હોય તેમના CCTV Cameraને જે DVR સાથે જોડેલા છે તે DVR ને Internet Connectivity (10 MBPS Full Dedicate અથવા તેથી વધુ ક્ષમતાવાળી Bandwidthઇચ્છનીયછે) આપી પરીક્ષાના સમય દરમ્યાન CCTV ચાલુ રહે તે અંગેની કાળજી લેવાની જવાબદારી કોલેજ આચાર્યશ્રીની રહે છે.

CCTV Camera System માટે જોઈતા Live/Static IP,Username, Password અને Port આપના પરીક્ષા કેન્દ્રમાં સત્રાંત પરીક્ષા શરૂ થવાના ઓછામાં ઓછા ૭ દિવસ પહેલા પરીક્ષા વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રાજકોટ ને મળી રહે તેવી વ્યવસ્થા કરવી. જો ઉપરોક્ત વિગતો આપવામાંનહિ આવે અને તેના કારણે પરીક્ષા સમય દરમ્યાન Internet Connectivity નહી મળે તો સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા જોડાણ વિભાગના જોડાણ અંગેના નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે,જેની ખાસ નોંધ લેશો.

આથી વધુમાં જણાવવામાં આવે છે કે, આપના દ્વારા જો ઉક્ત માહિતી અપાયેલ ના હોય તો આપના ભવન/કોલેજ/સંસ્થાના Live/Static IP,Username, Password અને Port અને જરૂરી માહિતી તા. ૨૫/૦૯/2026સુધી www.saurashtrauniversity.edu ->Exam-> CCTV Monitoring -> CCTV ExamMonitoring Form પર ઉપલબ્ધ ગૂગલ ફોર્મમાં માહિતી અચૂક મોકલી આપે અન્યથા જોડાણ વિભાગના જોડાણ અંગેના નિયમાનુસારની કાર્યવાહી હાથ ધરવામાં આવશે, જેની ખાસ નોંધ લેશો.

આથી સર્વેને વિશેષમાં જણાવવાનું કે અત્રે થી પરીક્ષા પૂર્વ Testing માટે અને પરીક્ષા દરમ્યાન જ આપના CCTV કેમેરાનું મોનીટરીંગ કરવામાં આવે છે. તે સિવાયનાં કોઈપણ સમયે જરૂરીયાત ના હોય તો આપના CCTV કેમેરાનું મોનીટરીંગ કરવામાં આવતું નથી તેથી તે દરમ્યાનની અત્રેની કોઈજ કાનૂની જવાબદારી રહેશે નહી જે વિદિત થાય.

આપને ત્યાં કોઈપણ તકનીકી કારણસર જો CCTV Camera ચાલુ ના હોય અથવા પાવર સપ્લાય ના હોય અને તેવા સંજોગોમાં PGVCLની સાથે પત્ર વ્યવહાર કરેલ હોય તો તેની નકલ આપના કારણ દર્શાવતા પત્ર સાથે બીડાણ કરી અત્રે સત્વરે Email કરશો અને તે સમય દરમ્યાનનું તમામ વર્ગખંડોના . CCTV Cameraનું વિડીયો રેકોડીંગ બે DVD નકલમાં અત્રે દિવસ ત્રણમાં મળી જાય તે રીતે મોકલી આપશો. કોઈપણ પ્રકારની કાનૂની પ્રક્રિયા દરમ્યાન અત્રેથી આપના સ્તરેથી જ્યારેપણ તમામ CCTV Cameraનું વિડીયો રેકોડીંગ માંગવામાં આવે ત્યારે છેલા એક માસ સુધીનું રેકોડીંગ રજૂ કરવાનું રહેશે.

અત્રેથી આપ સર્વેના સહકારની સંપૂર્ણ અપેક્ષા છે.

Email:- cctvexamsur@sauuni.ac.in

Toll Free No:- 0281-2555000

પરીક્ષા નિયામકશ્રી

CCTV/ 2618274 /2026

તા. ૧૮/૦૯/૨૦૨૬

પરીક્ષા સીસીટીવી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૩૬૦૦૦૫

પ્રતિ

- સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનાં તમામભવનો /કોલેજો/સંસ્થાનાં આચાર્યશ્રી/ટ્રસ્ટીઓ તરફ

નકલ રવાના:-

- માન. કુલપતિશ્રી / ઉપકુલપતિશ્રી / કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ
- પરીક્ષા નિયામકશ્રી, પરીક્ષા વિભાગ
- ડાયરેક્ટર, કમ્પ્યુટરસેન્ટર, વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવા અર્થે